અપીલ અરજી નં.૩૧૯ તા.૪–૧૦–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૩૦–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) કતારગામ જૈન મંદિર પાસે પારસ સોસાયટી પ્લોટ નં. બી/૮૫–૮૬ અને અમરોલી નિર્મળ નગર સોસાયટી પ્લોટ નં. એ/૨૭–૨૮નું પાકું આર.સી.સી. સ્લેબ , બીમ, પ્લીન્થ સાથેનું બાંધકામ કરેલ હોય જેના પાકા બાંધકામ પ્લાનની ફકત રજાચિઠ્ઠીની મંજુરીની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૯/૨૦૧૧–૧૨

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૩૦–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) કતારગામ જૈન મંદિર પાસે પારસ સોસાયટી પ્લોટ નં. બી/૮૫–૮૬ અને અમરોલી નિર્મળનગર સોસાયટી પ્લોટ નં. એ/૨૭–૨૮નું પાકું આર.સી.સી. સ્લેબ , બીમ, પ્લીન્થ સાથેનું બાંધકામ કરેલ હોય જેના પાકા બાંધકામ પ્લાનની ફકત રજાચિઠ્ઠીની મંજુરીની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી (કતારગામઝોન)ના પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં.૩૫૮૭ તા. ૨–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ દિન–૩ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા. ૪– ૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૬ તા.૧૨–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને મુદ્દાવાર નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩૦–૭–૧૧ ની અરજીથી કતારગામ પારસ સોસા. બી/૮૫–૮૬ ના બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૯૨ તા.૧–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૫૮૭ તા.૨–૯–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવા તથા વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જી) હેઠળ ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાઠવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) કતારગામ જૈન મંદિર પાસે પારસ સોસાયટી પ્લોટ નં. બી/૮૫–૮૬ અને અમરોલી નિર્મળનગર સોસાયટી પ્લોટ નં. એ/૨૭–૨૮નું પાકું આર.સી.સી. સ્લેબ , બીમ, પ્લીન્થ સાથેનું બાંધકામ કરેલ હોય જેના પાકા બાંધકામ પ્લાનની ફકત રજાચિઠ્ઠીની મંજુરીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામ જૈન મંદિર પાસે પારસ સોસા. પ્લોટ નં.બી/૮૫–૮૬ વાળી જગ્યામાં બાંધકામ કરવા માટે કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કચેરીએથી કોઈ મંજુરી આપવામાં આવેલ ન હોય મંજુરીની વિગતો તેમજ રજાચિઠ્ઠી નકલ આપી શકાય નહીં. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સદર મિલ્કતની રસ્તા માર્જનની ટાઉન પ્લાનીંગ વિભાગના પાર્ટ પ્લાનની માર્જીન સાથેની એસીડ માહિતની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એ/૨૭–૨૮ નિર્મળનગર સોસા. અમરોલી સુરત વાળી જગ્યામાં બાંધકામ કરવા માટે કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કચેરીએથી કોઈ મંજુરી આપવામાં આવેલ ન હોય મંજુરીની વિગતો તેમજ રજાચિઠ્ઠીની નકલ આપી શકાય તેમ નથી. ઉપરોકત મુદ્દા નં.૧ તથા ૨ અન્વયે માંગેલ પાર્ટ પ્લાનની નકલના રૂા.૪/– કતારગામઝોન કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે કતારગામઝોનમાં રસીદ નં.૪૮૮૯૩૬ તા.૧૭–૯–૧૧ ના રોજ રૂા.૪/– દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ છે. મુદ્દા નં.(૩) સદર મિલ્કતને જમીનદોસ્ત અથવા મીડીયામેટ કરીને જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદરહુ મિલ્કતને જમીન દોસ્ત અથવા મિડીયામેટ કરવામાં આવેલ હોય તેવી કોઈ વિગત ઉપલબ્ધ ન હોય તે અંગે કોઈ માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ દિન–૩ ના

વિલંબથી તા.૪–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જેમાં અરજદારે નાણા ભરપાઈ કરેલ હોવા છતાં પાર્ટ પ્લાનની નકલ નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. તથા ગેરકાયદેસર બાબતેની કરેલ કાર્યવાહીની રજૂઆત અંગે મંજુરી આપવામાં આવેલ ન હોવાનું તથા કાર્યવાહી બાબતે પણ કોઈ વિગત ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી જણાવેલ છે પરંતુ દસ્તાવેજ ફી ભર્યા બાદ નકલ આપ્યા અંગેના કોઈ આધાર પુરાવા કે વિગતો અપીલ તબકકે જણાવેલ નથી આથી અરજદારને પાર્ટ પ્લાનની નકલ પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૭–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અરજદારે દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ હોવા છતાં જાહેર માહિતી અધિકારી તરફથી પાર્ટ પ્લાનની નકલ પૂરી પડાયેલ ન હોઈ જે અરજદારને દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે. જયારે અન્ય કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેટલા પૂરતી અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા,